

Marriage

91

THE MARRIAGE

OF

Miss Mahagaveri Harkisondas

WITH

Mr. Maganlal Harjivandas Javeri

Honour, riches, marriage-blessing,
Long continuance, and increasing,
Hourly joys be still upon you!
Lakhsmi shed her blessings on you!

Printed by **Narayenrao Laxmanrao Nicum** at his **'Shanker'** Printing Press, near sistern at Chauta Bridge-SURAT.

Published by **Shantilal Harkisandas** Nanavat SURAT.

27th November 1916.

१

મંગળાચરણ.

જગતના પતિ હું તને નમું, જગતમાં નહિ કોઇ તારા સમું,
મનમાંહિ જપુ નામ તાહરૂં, કર દયા કરી કામ માહરૂં.
તું દાતારને તું આધાર છે, તુજ ઉપર મારો સદા પ્યાર છે,
સુબુદ્ધિ તું સદા મુને આપજે, કઠીણ માહરાં કષ્ટ કાપજે.

૨

(થઈ પ્રેમવશ પાતળીયા)

સ્વામિ તમે સુખ રાશી—
મારી જીવન જ્યોતી પ્રકાશીરે, સ્વામિ
છાયારૂપે સાથ રહી હું નિત્ય કરૂં પતિ સેવા
પ્રભુ સ્વરૂપ છો તમે દેવા—રચું જીવન કુસુમ વિકાશીરે—સ્વામિ.
જીવન ધન્ય ગણ્યું મારૂં ધાર્મિક સ્વામિ પામી
ધરૂં ધ્યાન સદા ગુણગામી રચું સ્નેહાયુષ્ય વિલાશીરે—સ્વામિ.
સુખ દુઃખ માંહે સાથે રહીને સેવા કરૂં પતિ પ્રેમે
રહું શિયળ સાચવીનેરે—હું સત્ય ચરણની દાસી—સ્વામિ.
દીર્ઘાયુ કરો શ્રી હરી તમને અંતર આશ એ મારી
કરે શ્રી હરી સાહ્ય તમારી તમો દીવ્ય દેશના વાશી—સ્વામિ.
સફળ સ્નેહની સેવા સાધુ હ્રદય હ્રદયથી બાંધી
દુર કરીને સહુ ઉપાધી પતિ હીતમાં રહી વીલાશી—સ્વામિ.
શ્રીહરી આ વિશ્વ વાડીમાં હરી સઘળી ઉપાધી
મારો સંબંધ ઉચ્ચથી બાંધી રચું સ્નેહાયુષ્ય વિકાશી—સ્વામિ.

૩

જાવાને તૈયાર આજ મુજને આપો રજા માતજી
નહિ ભુલું ઉપકાર ભાર કદીએ જે આપનો ભ્રાતજી
ભાવેથી વડીલ માત તેં બચપણે સંભાળ લીધી બહુ;
દિધાં શિક્ષણ સાધનો મુજતણા પ્રેમી માતાએ બહુ;
જઇને હું શ્વસુરાલયમાં, વડીલની સેવા મનેથી કરી,
માણસ સર્વ સગાં તણા હરઘડી સંતોષથી હું ભરી ;
જે રીતે કુળ આપનું શ્વસુરનું શોભે રૂડાં સાજમાં
સત પંથે વર્તી રીતે ઉપરનું દક્ષા રૂડા કાજમાં
માતા એ મમતા થકી મુજ વિષે જે બોધ વાક્યો કહ્યાં
તે પ્રેમે કરીને સદા મુજતણા હૈયે રમી છે રહ્યાં
ચિંતા ન કરશો કદી મુજતણી હે પૂજ્ય માતા તમે
પ્રેમે પાયે પડું હું હવે આશીષ દો આ સમે.

૪

પરણી પ્રિતે ઉઠયાં તમે બેનડી
લાગો સસરાજીને જઇ પાય જેથી સુખ થાય
સુખીઆં રહો સદાય મંગળ કરો બેનડી
તમે દીઠાં નથી સુખ તાતના
બેસો સસરાજીને ઉછંગ, જેથી રહે રંગ-મંગળ.
તમારે તાતે મુકયાં વર્ષ એકના
પાળી પોષી રાખીને ટેક મેં શીખવ્યો વિવેક-મંગળ.
સાસુ સસરાની સેવા ઉઠાવજો
રાખી હોંસ હૈયામાં હંમેશ, કરશો નહીં કલેશ-મંગળ.
નણંદી નાની બેની સમ માનજો
સંપે રહેજો સર્વેની સાથ, કહે જેમ નાથ-મંગળ.
સદ વિદ્યા શીખ્યા તમે ખંતથી
નિત્ય વાંચજો નીતિમય ગ્રંથ, ધરી સત પંથ-મંગળ.

પ્રભુરૂપ પતિને પ્રમાણજો
કરજો પ્રેમથી તેહની સેવ, જાણી તમ દેવ-મંગળ.
દયા સત્ય ક્ષમા શિળ પાળજો
જેથી આ લોક સુખ પમાય, અંતે પ્રભુ સ્હાય--મંગળ.
બેન આળશ તનનું ટાળજો
ઉદ્યોગ થકી સુખ થાય, સંસારની માંય-મંગળ.
ચોરી ચાડી જુઠાથી રહી વેગળા
જાણી ત્રણેને શત્રુ સમાન, ધરીને માન-મંગળ.
થોડું કહ્યું ઘણું કરી માનજો
જેથી મળશે સદા સુખ ચેન, મહાગૌરી બેન-મંગળ.

૫

શ્વસુર ગૃહે સોહાવતી બ્હેન અર્પુ શીખ વાળીરે
પહેર પુત્રી આણી તું પ્રેમ શોભાએ તું બાળીરે ૧
લજ્જા કંકુ આડ અભંગ, કપાળે તું કરજેરે
નીતિ સાડી સોહામણી અંગ ચોળી સત્ય ધરજેરે ૨
પહેર શીયળના શણગાર, માળા સ્નેહ કંઠેરે
મૃદુ ભાષણ કંકણ હાર બાંધી ધર્મ અંગેરે ૩
પતિ પ્રભુને રાખી પ્રસન્ન, હેતે હીંચાવજેરે
તદાકાર કરીને મન જનની દીપાવજેરે ૪
કદી ક્રોધ કરે તુજ નાથ, ભરાતી ના રોષેરે
તેની સામે બોડા જો બાથ સૌ સુખો ખોશેરે ૫
સાસુ સસરા માબાપની તુલ્ય, ગણી પ્રેમે પાળજેરે
જેઠ જેઠાણીનું સારી કામ, દ્વેષ તેનો બાળજેરે ૬
ચોરી ચાડી જુઠ ને જાર, જશે ઝટ વળગીરે
દુરવ્યસન દુર્ગુણી નાર તેથી રહેજે અળગીરે ૭
કોય નીચનો કરતાં આસંગ છાંટા મેલા લાગશેરે
ખરડાશે શુસોભાત અંગ પ્રતિષ્ઠા ગુમાવશેરે ૮

જેવી સ્થિતિ તેવું ભોજન કરજ ન કરીએરે
જાત મહેનતનું ખર્ચી ધન સંતોશે રહીએરે ૯
સુખ દુઃખનો હર્ષ સંતાપ વૃથા ન કરીએરે
પરનિંદા આતમખ્યાત વદી ના ફુલીએરે ૧૦
લાખ જતાં તજી સત શાખ ભલે દુઃખ પામેરે
મુખ શોભા કેરૂં નાક સંભાળજે જીવેરે ૧૧
યુવાની દીવાની સમ મહા મસ્તાનીરે
ભ્રષ્ટ કરે ક્ષણમાં તન થશે ધુળધાણીરે ૧૨
મોટા કેરૂં રાખ માપ થશે ગૃહ રાણીરે
સતી નારીના દ્રષ્ટાંતે વહાલી વળશેરે ૧૩
સપ્ત કુળ તારીને અંતે સ્વર્ગે પળશેરે
હઠ રોપને વહેલો વણસાડ આળસને છોડારે ૧૪
તન ઉદ્યોગે તું લગાડ પતી પ્રિત જોડી રે
સતી ધર્મનો કરી વિચાર ચાલ્યે દુઃખ જાશેરે
સમજાવ્યો અધિકારે સાર માન્યે જય થાશેરે ૧૫

૬

વહાલા માતા પિતા અને વહાલાં સદા મારી ફોઇ વડી
શાંદ શોચ કરો દીલ માંય મુઝાવો ઘડી ઘડી
પુત્રી જન્મ થતાં સહુ જાણે જે એ ધન પર તણું
મોડું વ્હેલું જવાનું જરૂર પરાયે હાથે શું ભણું
સર્વ નારીના કર્મમાં સાસરી સરજી છે ઇશ્વરે
તેમાં લાજ શોભા સુખ સર્વ વળી જશ વિસ્તરે
ચાલી આવી અનાદીથી રીત ધર્મ પણ એ ખરો
માટે હાલો તજી ગભરાટ મનમાં ધીરજ ધરો
મને ધીરજ ધર્મ આશીશ આપો સહુ હળી મળી
વળી વ્હેલી તેડાવજો માત વિનવું છું હું લળી લળી

૭

બેની પધાર તું સાસરે
સાચાં સ્નેહને સંભારજો બેન
સદગુણી સાસરે સિધારજો બેન—સાચા
હેતેથી હરનીશ આવજો બેન
અંતર આશીશ ઉર ધારજો બેન—સાચા
બેન સમાન હેત અમને કીધું છે
જ્ઞાનતણું પાન સદા સાથે લીધું છે
રૂડી આશીશ તમે પામજો બેન—સાચા
આવો આભાર અમે કદી ન ભુલશું
બદલો હમે તે વાળશુ બેન—સાચા
મહાગૌરી બેન ખરો સ્નેહ તમારો
નિત્યે હમે તો સંભારશું બેન—સાચા
બેન તમો પણ હમને સંભારજો
છે હેત તેથી વધારજો બેન—સાચા
પાઠવજો પત્ર પ્રેમ ધરીને
સુખ સમાચાર કહાવજો બેન—સાચા
તમારી પ્રીત હમોને ન વીસરે
સાસરે સંપીને ચાલજો બેન—સાચા
ઇશ અર્પો અખંડ-સૌભાગ્ય બેનને
પતિ સુખે તમે મહાલજો બેન—સાચા

૮

પુત્રી પધાર તું સાસરે, સિદ્ધ કર શુભ કામ;
રથમાં બિરાજ તું બાપુડી, લઈ પ્રભુ કેરૂં નામ-પુત્રી. ૧
સાસુ સસરાને પાયે લાગજે, કે'જે અમારા પ્રણામ;
નણદીને નાહની બેન ધારજે, કરજે કે'તે તે કામ-પુત્રી ૨

શાણી તું શાન્ત છું દીકરી, છું વિવેકની પુર;
ધર્મ જાણી અમે કહીએ, રે'જે દુર્ગુણથી દુર-પુત્રી. ૩
ઉંચે સ્વરે નવ બોલિયે, જેશું જેટલું કામ;
તેટલી વાત તો કીજિયે, સ્મરિયે પ્રભુ કેરૂં નામ-પુત્રી. ૪
પરનિંદા સ્વસ્તુતિ કરવી નહીં, પહેલો કરીને વીચાર;
બોલવું હોય તે બોલીએ, કો પર કરીએ ન ખાર-પુત્રી. ૫
પતિને પ્રભૂ રૂપ જાણવા, કરવી તેની સેવાય;
કોપે એવું કરવું નહીં, તો તો ધન્ય કે'વાય-પુત્રી. ૬
કષ્ટ પડે માથે આપણે, ધીરે કરવો ઉપાય;
ગભરાવું નહીં તેના થકી, પછી થાવાનું થાય-પુત્રી. ૭
અઘટિત પ્રેમ ન બાંધવો, પાયો નિતીનો એજ;
દીનપર દયા ઘણી રાખવી, સાચો ધર્મ છે તેજ-પુત્રી. ૮
ઘર છિદ્ર કોને કે'વા નહીં, એથી થાય નિજ તોલ;
હસીને ન દાંત દેખાડવા, વદિયે વીણીને બોલ-પુત્રી. ૯
વણકામે પરઘેર ના જવું, દિવસે સુવું ન ઠીક;
કુળ તણી લાજ વધારવી, ઉલટું ચાલ્યે છે ધીક-પુત્રી. ૧૦
ચાડી ખાવી નહીં કો તણી, નિજપતિ કેરી પાસ;
ચાકરના દોષ સુધારવા, વિના ઉપજાવે ત્રાસ-પુત્રી. ૧૧
થોડું કહ્યું ઘણું માનજે, શિખામણ દીધી આજ;
તે પ્રમાણે ચાલજે, મને છે વિશ્વાસ-પુત્રી. ૧૨
પત્રથી દર્શન આપજે, જેથી આનંદ થાય;
લાભ થાએ મળ્યા જેટલો, સંતોષ પમાય-પુત્રી. ૧૩
તને ગમે નહીં એનડી જાણ કરજે તે વાર;
તરત તેડું હું મોકલી, તેડાવીશ આ ઠાર-પુત્રી. ૧૪

